આગામી બે દિવસ અતિભારે વરસાદની આગાહી

રાજકોટ, દ્વારકા, ભાવનગર, વલસાડ, દમણ અને, દાદરા નગર હવેલીમાં રેડ અલર્ટ

અમદાવાદ, તા.૨૩

હવામાન વિભાગની આગામી પાંચ દિવસને લઈ આગાહી જાહેર કરી છે.રાજ્યમાં આગામી ૨૪ કલાક વરસાદનું જોર યથાવત રહેશે, અને આવનારા બે દિવસ અતિભારે વરસાદ રહેવાની ધારણા છે.સારી બાબત એ છે કે બે દિવસ બાદ વરસાદનું જોર ઘટશે. આજે પણ રાજ્યમાં રેડ અને ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે, રાજકોટ, દ્વારકા, ભાવનગર, વલસાડ, દમણ અને, દાદરા નગર હવેલીમાં રેડ અલર્ટ જાહેર કરાયું છે.આજે અને આવતીકાલે ભારેથી અતિ ભારે વરસાદ રહેશે.

નવસારી, જામનગર, કચ્છ, અમરેલી, સોમનાથ, જૂનાગઢ, ભરૂચ,વડોદરામાં ઓરેન્જ અલર્ટ, અમદાવાદમાં પણ ભારે વરસાદ રહેશે ,હાલ મોન્સૂન ટ્રફ ડીસા ઉપર હોવાથી વરસાદ રહેશે ,આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના ,આવતી કાલે મહેસાણા. બનાસકાંઠા.

સાબરકાંઠા. દ્વારકા અને પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ જ્યારે અમદાવાદ. ગાંધીનગર. એવલ્લી. નવસારી વલસાડ અને જૂનાગઢ ગીર સોમનાથ માં યલ્લો એલર્ટ જાહેર કરાયું છે. રાજકોટમાં શનિવારે ધોધમાર વરસાદ પડ્યો હતો. જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. તો બીજી તરફ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે આજી નદી બે કાંઠે વહી રહી છે. જેના કારણે રામનાથ મહાદેવ મંદિર પાસે નદીમાં બીજી વખત ઘોડાપૂર આવ્યું છે. રાજ્યમાં મેઘરાજા કહેર મચાવી રહ્યાં છે. જ્યાં રાજ્યના અનેક જિલ્લાઓમાં તબાહી જોવા મળી છે. ત્યાં સુરતમાં પણ ભારે વરસાદ વરસ્યો છે. સુરતના કિમ, કરંજ, કિમ ચાર રસ્તા, લીમોદરા, હરિયાલ વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. તો આ તરફ કિમ-માંડવી રાજ્ય ધોરી માર્ગ તેમજ કીમ ચાર રસ્તા નજીક પાણી ભરાયા છે તો રાજ્ય ધોરી માર્ગ પર પાણી ભરાતા વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. તો ભારે વરસાદના પગલે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાયા છે. આ બાજુ જૂનાગઢમાં ભારે વરસાદે તારાજી સર્જી છે. શહેરના પોશ વિસ્તાર ગણાતા રાયજીબાગ પણ મકાનો પાણીમાં ગરકાવ થયા હતા.

સુનીતા અગ્રવાલે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શપથ લેવડાવ્યા

ગાંધીનગર, તા.૨૩

રાજભવનમાં આયોજિત શપથવિધિ સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, રાજ્યના કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ અને મુખ્ય સચિવશ્રી રાજકુમાર ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંચસ્થ મહાનુભાવોએ પુષ્પો અર્પણ કરીને મુખ્ય ન્યાયાધીશ શ્રીમતી સુનીતા અગ્રવાલજીને અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યા હતા. શપથવિધિનું સંચાલન રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી રાજેશ માંજુએ કર્યું હતું. રાજભવનના પ્રાંગણમાં યોજાયેલા શપથવિધિ સમારોહમાં પ્રોટોકોલ રાજ્યમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગાંધીનગરના મેયર શ્રીહિતેશભાઈ મકવાણા, ગુજરાતના લોકાયુક્ત જસ્ટિસશ્રી આર.એચ. શુક્લ, રાજ્યના વિજિલન્સ કમિશનર શ્રીમતી સંગીતાસિંઘ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાશનાથન, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી તા.૨૮મીએ ગાંધીનગર ખાતે 'સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩'નું ઉદ્ઘાટન કરશે

રાષ્ટ્રીય સ્તરના આ કાર્યક્રમમાં સેમિકન્ડક્ટર્સને લગતી અત્યાધુનિક ટેક્નોલોજી વિશે છ દિવસ પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા.૨૩

સેમીકન્ડક્ટર ક્ષેત્રને વેગ આપવાના ઉદ્દેશથી, ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ગાંધીનગરમાં 'સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ કાર્યક્રમ ૩૦ જુલાઈ સુધી ચાલશે.

આ કાર્યક્રમની શરૂઆત થાય તે પહેલા, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિશેષ એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કરવામાં આવશે, જેને ૨૫ જુલાઈથી જનતા માટે ખુલ્લું મૂકવામાં આવશે. આ એક્ઝિબિશનમાં સેમીકન્ડક્ટરની ઉત્પાદન પ્રક્રિયા અને આ ક્ષેત્રમાં થયેલી પ્રગતિ વિશે લોકોને માહિતગાર કરવામાં આવશે. આ એક્ઝિબિશન પણ ૩૦ જુલાઇ સુધી કાર્યરત રહેશે.

એક્ઝિબિશનની મુલાકાતે આવનારા લોકોને સેમીકન્ડક્ટર ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાતી અત્યાધુનિક તકનીકો અને નવીનીકરણ અંગે વિસ્તૃત જાણકારી મળશે. એન્જીનિયરીંગ, ડીપ્લોમાં અને અન્ય વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ માટે એક્ઝિબિશનમાં સેમીકન્ડક્ટર ઉત્પાદન વિષે જાણવા મળશે, તથા આ ક્ષેત્રે કારકિર્દી ઉપયોગી વિશેષ જાણકારી મેળવવાની ઉત્તમ તક મળશે.આ કાર્યક્રમમાં ભારત સરકાર તરફથી, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, રેલવે અને કમ્યુનિકેશન મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ ; વિદેશ મંત્રી શ્રી સુબ્રમણ્યમ જયશંકર તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રાજ્ય મંત્રી તથા સ્કિલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રેન્યોરશીપ મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખર ઉપસ્થિત રહેશે. ઉપરાંત, અગ્રણી સેમીકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીઝના વડાઓ પણ આ કાર્યક્રમમાં સામેલ થશે.

શેત્રુંજી ડેમ થયો ઓવરફ્લો, ૧૭ ગામો એલર્ટ કરાયા

ડેમના દરવાજા ખોલાતા નીચાણવાળા ગામોને એલર્ટ કરાયા : ડેમના ૫૯ દરવાજામાંથી ૨૦ દરવાજા એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે

ભાવનગર, તા.૨૩

જિલ્લામાં શેત્રુંજી ડેમ ઓવરફ્લો થતાં ભાવનગરના લોકોમાં ખુશી જોવા મળી રહી છે. ડેમના ૫૯ દરવાજામાંથી ૨૦ દરવાજા એક ફૂટ ખોલવામાં આવ્યા છે. ડેમ નજીકના ૧૭ ગામોને એલર્ટ કરાયા છે. ભાવનગર જિલ્લાનો જીવનધારા શેત્રુંજી ડેમ ગઈકાલ રાતથી ઓવરફ્લો થઈ રહ્યો હતો. ભાવનગર જિલ્લામાં આવેલા શેત્રુંજી ડેમમાં સતત પાણીની આવક થઈ રહી છે.ભારે વરસાદના કારણે ડેમમાં ૧૮૦૦ ક્યુસેક પાણીની આવક થઈ છે. શેત્રુંજી ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. ડેમ ઓવરફ્લો થતા નીચાણવાળા આસપાસના વિસ્તારોમાં આવેલા ૧૭ ગામોને એલર્ટ કરાયા છે. ડેમની આસપાસ અને નદી કિનારાના લોકોને નદીના પટમાં ન જવા અને સાવચેત રહેવા સૂચન કરવામાં આવ્યું છે. ભાવનગર જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે ડેમની સપાટી છલકાઈ છે. ડેમના દરવાજા પરથી પાણી ઓવરફ્લો થઈ રહ્યું છે. હાલ ૮૧૧૭ ક્યુસેક પાણીની આવક શરૂ હોવાથી આ ડેમ હેઠળ આવતા પાલીતાણા તાલુકાના ૫ અને તળાજા તાલુકાના ૧૨ ગામો મળી કુલ ૧૭ ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

ડીસા નગરપાલિકાના વોર્ડ નં. ૯ ની પેટાચૂંટણીમાં ભાજપ ઉમેદવારની દાવેદારી

ડીસા, તા.૨૩

ડીસા નગરપાલિકાના વોર્ડ ૯ માં એક સદસ્યે આપેલા રાજીનામાના કારણે ખાલી પડેલી બેઠક પર પેટા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારે આજે વિજયી મુહૂર્તે પાર્ટીના સંનિષ્ઠ આગેવાનો પૂર્વ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા તેમજ ભાજપના તમામ મોર્ચાના અગ્રણીઓ કાર્યકરો અને લોધા સમાજના આગેવાનો યુવાનો, સર્વ સમાજના લોકો અને મુસ્લિમ બિરાદરો સહિત સમર્થકો સાથે પત્રકાર એવા કાંતિલાલ બાબુલાલ લોધાએ પોતાનું ફોર્મ રજૂ કર્યું હતું. રાજ્યભરમાં નગર પાલિકાઓ અને મહા નગરપાલિકાઓની ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ઓગસ્ટ ૨૦૨૩ માં ચૂંટણી યોજવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ત્યારે ડીસા નગરપાલિકામાં વોર્ડ નંબર ૯ ના સદસ્યની ખાલી પડેલી બેઠકની પણ પેટા ચૂંટણી યોજાવાની છે. પાલિકાના વોર્ડ નંબર ૯ માં અપક્ષ સદસ્ય તરીકે ચૂંટાયેલા સાદિક શેખે છ માસ અગાઉ પોતાના અંગત કારણોસર રાજીનામું આપી દીધું હતું. ત્યારથી આ બેઠક ખાલી પડી હતી જેની પેટા ચૂંટણી જાહેર થતા આજે ભારતીય જનતા પાર્ટીએ ડીસા શહેરના પત્રકાર કાંતિલાલ બાબુલાલ લોધાને પોતાનો ઉમેદવાર જાહેર કરતા કાંતિલાલ લોધાએ પોતાનું ચૂંટણી ફોર્મ ભર્યું હતું. કાંતિલાલ બાબુલાલ લોધાએ પૂર્વ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, જિલ્લા પ્રભારી,શહેર પ્રમુખ પ્રતિક પઢિયાર, મહામંત્રી હકમાજી જોષી, એપીએમસી ચેરમેન ગોવાભાઈ રબારી, કનુભાઈ વ્યાસ, કૈલાસભાઈ ગેલોત,પાર્ટીના સંનિષ્ઠ આગેવાનો સહિત નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો અને આગેવાનોની હાજરીમાં નાયબ કલેક્ટર કચેરી ખાતે ફોર્મ રજૂ કર્યું હતું. આ અંગે પૂર્વ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, ડીસા પાલિકાની પેટા ચૂંટણી માટે વોર્ડ નંબર નવમાં ભારતીય જનતા પાર્ટીએ આ વિસ્તારના સક્રિય કાર્યકર અને હંમેશા લોકો વચ્ચે રહી મીડિયાના માધ્યમથી લોકોના કામ કરતા યુવા આગેવાન કાંતિલાલ લોધાને ઉમેદવાર બનાવ્યા છે. હાલમા તેમની લોક ચાહના અને બહોળા પ્રતિસાદથી જવલંત વિજય મેળવી ભાજપના કમળને ખિલવશે.તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

મેડિકલ કોલેજની ફીમાં અસહ્ય વધારો

ડોક્ટર બનવું વધારે મોંઘુ થયું : મેડિકલના અભ્યાસ માટે સરકારી ક્વોટામાં ૬૭ ટકા વધારો કરાયો છે : મેનેજમેન્ટ ક્વોટાની ફી ૮૮% વધી છે

અમદાવાદ, તા.૨૩

ભણીગણીને ડોક્ટર બનવું સહેલી વાત નથી, પરંતુ જે વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરી રહ્યા છે અને જે વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરીને ડોક્ટર બનવા માંગે છે તેમણે આ સમાચાર જાણવા જરૂરથી છે. મેડિકલના અભ્યાસ માટે સરકારી ક્વોટામાં ૬૭ટકા વધારો કરી દેવામાં આવ્યો છે જ્યારે મેનેજમેન્ટ કોટાની ફી ૮૮% વધી છે. મેડિકલ કોલેજની ફીમાં થયેલો અસહ્ય વધારાના કારણે વાલીઓએ સોશિયલ મીડિયા પર બળાપો ઠાલવ્યો છે.

મેડિકલ કોલજની ફી વધતા વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે, ફી ઘટાડા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી છે. જીએમઈઆરએસની ૧૩ કોલેજોમાં ફી વધારો કરવામાં આવ્યો છે. સરકારી ક્વોટામાં જે ફી ૩.૩૦ લાખ રૂપિયા હતી તેમાં ૬૭ટકાનો વધારો થયો છે. એટલે કે હવે ૫.૫૦ લાખ ફી ચૂકવવી પડશે. જ્યારે મેનેજમેન્ટ કોટાની ફી ૮૮% વધારીને ૯.૩૦ લાખ રૂપિયા હતી તે સીધી ૧૭ લાખ કરવામાં આવી છે. આ કારણે વાલીઓમાં રોશ જોવા મળ્યો છે.

એફઆરસી ના નિયમ મુજબ ૧૦થી ૧૫ ટકા ફી વધે તે યોગ્ય છે, પરંતુ એપીપી મોડેલથી ચાલતી કોલેજોમાં ૮૮% સુધીની ફી વધારો ચલાવી ન લેવાય જેને લઈને વાલીઓએ સોશિયલ મીડિયા પર આંદોલન શરૂ કર્યું છે. ફી ઘટાડાની માંગ કરવામાં આવી છે કે ફી વધારાથી મધ્યમ વર્ગના ૨૦૦૦ વિદ્યાર્થીઓનું સ્વપ્ન રોળાઈ જશે.

એજ્યુકેશન નિષ્ણાત ડૉ. ઉમેશ ગુર્જર જણાવે છે કે, રાજ્યની મેડિકલની કુલ ૨૧ બેઠકો છે જેમાંથી ૧૫૦૦ બેઠકો ગવર્મેન્ટ ક્વોટાની છે. જેની ફીમાં ૬૭ ટકાનો વધારો કરી દેવાયો છે, મેનેજમેન્ટ ક્વોટાની બેઠકમાં ફીમાં ૮૮ ટકા વધારી દેવાઈ છે. વાલીઓ જણાવે છે કે આ પ્રકારે ફી વધારો કરી શકાય નહીં. ધોરણ ૧૨થી વિદ્યાર્થી બી ગ્રુપ પસંદ કરે ત્યારથી તેને ખબર હોવી જોઈએ કે ડોક્ટર બનવા તેમણે આટલી ફી ભરવી પડશે. એકાએક આ રીતે મોટો વધારો કરી દેવો યોગ્ય નથી.

વરસાદને કારણે જુનાગઢ રુટની અનેક ટ્રેન રદ

કેટલીક ટ્રેન ટર્મિનેટ કરવામાં આવી ભારે વરસાદને કારણે ટ્રેન વ્યવહાર પર અસર

જુનાગઢ, તા.૨૩

જૂનાગઢમાં ભારે વરસાદને કારણે કેટલીક ટ્રેન વ્યવહાર પર અસર પડી છે. ભાવનગર ડિવિઝનમાં આવેલા જૂનાગઢમાં ભારે વરસાદને કારણે જૂનાગઢ-વડાલ સેક્શનમાં રેલવે ટ્રેક ધોવાઈ ગયો હતો. આ સ્થિતિને કારણે અમદાવાદ ડિવિઝનમાંથી ઉપડતી/જતી કેટલીક વધુ ટ્રેનોને સંપૂર્ણ અથવા આંશિક રીતે રદ કરવામાં આવી છે.

વેસ્ટર્ન રેલવે દ્વારા રદ કરાયેલી અને ટર્મિનેટ કરાયેલી ટ્રેનની માહિતી જાહેર કરવામા આવી છે. સાથે જ જણાવાયુ છે કે, મુસાફરોએ આ વાતનું ધ્યાન રાખવુ. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

રદ કરાયેલી ટ્રેનોઃ

૧) ટ્રેન નંબર ૨૨૯૫૭ અમદાવાદ-વેરાવળ એક્સપ્રેસ ૨૨.૦૭.૨૦૨૩ ના રોજ રદ રહેશે.

૨) ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ-અમદાવાદ એક્સપ્રેસ ૨૨.૦૭.૨૦૨૩ના રોજ રદ રહેશે.

ટૂંકી ટર્મિનેટેડ (આંશિક રીતે રદ) ટ્રેનોઃ

૧) ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ ૨૧.૦૭.૨૦૨૩ ના રોજ જબલપુરથી ઉપડતી જેતલસર ખાતે ટૂંકી ટર્મિનેટ કરવામાં આવી છે. આમ આ ટ્રેન જેતલસર - વેરાવળ વચ્ચે આંશિક રીતે રદ કરાઈ છે.

૨) ૨૩.૦૭.૨૦૨૩ ના રોજ શરૂ થનારી ટ્રેન નંબર ૧૧૪૬૩ વેરાવળ-જબલપુર એક્સપ્રેસને રાજકોટથી વેરાવળને બદલે જબલપુર તરફ વાળવામાં આવશે. આમ આ ટ્રેન વેરાવળ-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવી છે.

૩) ટ્રેન નંબર ૧૯૨૧૭ બાંદ્રા ટર્મિનસ - ૨૨.૦૭.૨૦૨૩ ના રોજ બાંદ્રા ટર્મિનસથી ઉપડતી વેરાવળ એક્સપ્રેસ રાજકોટ ખાતે ટૂંકી ટર્મિનેટ થશે. આમ આ ટ્રેન રાજકોટ-વેરાવળ વચ્ચે આંશિક રીતે રદ કરાઈ છે.

૪) ટ્રેન નંબર ૧૯૨૧૮ વેરાવળ - ૨૩.૦૭.૨૦૨૩ ના રોજ શરૂ થતી બાંદ્રા (ટી) એક્સપ્રેસને વેરાવળને બદલે રાજકોટથી બાંદ્રા (ટી) વચ્ચે દોડાવવા માટે ડાયવર્ટ કરવામાં આવશે. આમ આ ટ્રેન વેરાવળ-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવી છે.

૫) ૨૨.૦૭.૨૦૨૩ ના રોજ અમદાવાદથી ઉપડતી ટ્રેન નંબર ૧૯૧૧૯ અમદાવાદ-વેરાવળ એક્સપ્રેસ જેતલસર ખાતે ટૂંકી કરવામાં આવી છે. આમ આ ટ્રેન જેતલસર - વેરાવળ વચ્ચે આંશિક રીતે રદ કરાઈ છે.

જુનાગઢમાં પરિવારની નજર સામે તણાયેલા શખ્સનો બચાવ

સતત બે કલાક સુધી તેઓ પાણીના પ્રવાહ સાથે ઝઝુમતા રહ્યા હતા : સ્થાનિકોએ વિનોદભાઈનો બચાવ્યો જીવ

જુનાગઢ, તા.૨૩

રામ રાખે તેને કોણ ચાખે...આ કહેવત જૂનાગઢમાં રહેતા વિનોદભાઈ ટેકચંદાની સાથે કઈક આવું જ બન્યું છે. જૂનાગઢમા આવેલા ભયાનક પૂરમાં ભારે ખાના ખરાબી સર્જાઈ છે. જેમાં અનેક લોકોને સાક્ષાત યમરાજના દર્શન થયા હતા. તેમાં વિનોદભાઈ મોતને પણ હાથતાળી આપીને પરત ફર્યા છે. જૂનાગઢના દુરવેશ નગર ખાતે રહેતા વિનોદભાઈ પોતાની દુકાનેથી ઘરે પરત ફરતા હતા, તે સમયે અચાનક શરૂ થયેલો વરસાદ તેઓ માટે મોટી મુસીબત લઈને આવ્યો હતો.

ઘરની સાવ નજીક પહોંચી ગયેલા વિનોદભાઈ ઘર પાસે પહોંચે એ પહેલા જ એકાએક કાળવા નદીના પ્રચંડ પૂરમાં તેઓ તણાઈ ગયા હતા. પૂરથી બચવા તેઓએ પાસે રહેલી ગાડીનો આશરો લીધો હતો. જોકે મોટર કાર પણ પાણીના પ્રચંડ પ્રવાહ સામે ઝીંક ઝીલી ન શકી અને ગાડી તણાવા લાગી હતી. આ સાથે વિનોદભાઈ પણ પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. સતત બે કલાક સુધી તેઓ પાણીના પ્રવાહમાં એક ઝાડના સહારે ટકી રહ્યા અને બાદમાં આસપાસના લોકોએ તેઓએ વિનોદ ભાઈને બચાવી લીધા છે. તેઓનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ પણ થયો છે. આ ઘટનાનો વીડિયો રુંવાડા ઉભા કરી દે તેવો હતો. જેમાં વીડિયોમાં 'એ બાપા વયા ગ્યા..' એવો અવાજ સતત સંભળાઈ રહ્યો હતો. પરંતુ વિનોદભાઈને બચાવવા માટે રેસ્ક્યૂ ટીમે ઓપરેશન હાથ ધર્યુ હતું. તેમને સહીસલામત મુસીબતમાંથી ઉગાર્યા હતા. ૫૭ વર્ષીય વિનોદભાઈએ જણાવ્યું કે, હું દુકાનેથી બપોરે ઘરે જમવા માટે સાઈકલ લઈને આવતો હતો. પાણી વધવાથી પુલની ઉપરથી પાણી વહેવા લાગ્યું હતું. દીવાલ તૂટી ગયાનો મને ખ્યાલ નહોતો અને તેનું પાણી આવી રહ્યું હતું, કમર સુધી પાણી આવી ગયું હતું. મારી પાસે સાઈકલ હતી પરંતુ હું (તે લઈને) ચાલીને જ આવી રહ્યો હતો. પછી મેં સાઈકલ મૂકી દીધી. મારો જીવ બચાવવા મેં એક કાર પકડી હતી તે પણ તણાવા લાગી અને સાથે તેની સાથે હું પોતે પણ તણાવા લાગ્યો હતો. હું પાણીમાં તણાયો પછી મેં ખેતરમાં ઝાડવું પકડી લીધું અને માટીમાં પગ ખૂંપી દીધા હતા. હિંમત નહોતો હાર્યો સતત બચવાના પ્રયાસ કરી રહ્યો હતો. અહીંના જ લોકો હતા કે જેમણે ટ્રેનિંગ લીધી હોય તેવા ૧૫-૨૦ જણા હતા તેમણે મને પાણી ઓછું હતું ત્યાંથી બહાર કાઢ્યો હતો. આ બાદ વિનોદભાઈને સહીસલામત ઘરે લાવવામાં આવ્યા હતા. જેથી તેમના પરિવારે અને તેઓએ ઈશ્વરનો આભાર માન્યો હતો. તેઓએ કહ્યું કે, ઈશ્વરે મને મોત બતાવીને નવુ જીવન આપ્યું.

રાજકોટના ખાચરિયા ગામમાં ૨૫થી વધારે મકાન ધરાશાયી

ભારે વરસાદને કારણે મકાન ધરાશાયી થયા : ૫૦થી વધુ પશુઓના મોત નીપજ્યા

રાજકોટ, તા.૨૩

જિલ્લાના ખારચિયા ગામમાં મેઘકહેર જેવી સ્થિતિ પેદા થઈ છે. માત્ર ત્રણ કલાકમાં જ ભારે વરસાદને કારણે ૨૫થી વધુ મકાન ધરાશાયી થઈ ગયાં છે. આ ઉપરાંત ૫૦થી વધુ પશુઓના મોત નીપજ્યા છે.

છેલ્લા ૫૦ વર્ષમાં ક્યારેય ન જોઈ હોય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. ખારચિયા ગામમાં મેઘરાજાએ એવો કહેર વર્તાવ્યો છે કે, સૌ કોઈ ચિંતાતુર થઈ ગયા છે. ભારે વરસાદને કારણે આ ગામમાં ૨૫ જેટલા જૂના મકાનો ધરાશાયી થઈ ગયા હતા. આ ઉપરાંત કુલ ૫૦થી વધુ પશુઓનાં મોત નીપજ્યા છે. ૨૨ જુલાઈએ રાતના ત્રણ વાગ્યાથી આ ગામમાં અતિ ધોધમાર વરસાદ વરસ્યો છે. નાના એવા ખારચિયા ગામમાં આભ ફાટ્યું હોય તેમ મેઘરાજા કહેર બનીને વરસ્યા હતા. આ ગ્રામ્ય વિસ્તારોમાં કેટલીક જગ્યાએ વીજ પોલ પણ ધરાશયી થઈ ગયા છે. આ ગામમાં અનેક પરિવારો ઘરવિહોણા થઈ ગયા છે. અહીંયા પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે, ગામના દરેક ઘરમાં નુકસાન થયું છે. આ નાના એવા ગામમાં શેરીએ શેરીએ વિનાશના દૃશ્યો જોવા મળ્યા હતા. અહીંયા હાલત એટલી ખરાબ હતી કે, કોણ કોને આશ્વાસન આપે? કોણ કોને સાંતવના પાઠવે તે જ સૌથી મોટો સવાલ હતો. કેમ કે આ ગામમાં ૫૦% જેટલા ઘરમાં મોટું નુકસાન પહોંચ્યું છે. ૩૫૦૦ લોકોની વસતિ ધરાવતા આ ગામમાં એકપણ ઘર એવું નથી જ્યાં વરસાદને નુકસાન ન પહોંચાડ્યું હોય. અહીં પરિસ્થિતિ અતિશય દયનીય જોવા મળી રહી છે. આ ગામની આર્થિક સ્થિતિ પણ ઘણી ખરાબ છે. ત્યારે ધરાશાયી થયેલા જૂના મકાનોનો આશરો છીનવાઈ જતા તેમાં રહેતા લોકો હવે શું કરશે, ક્યાં રહેશે તે સૌથી મોટો પ્રશ્ન છે!

પગલાં લેવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીઓમાં પાર્કિંગની જગ્યાઓ માર્ક કરવા સૂચના આપવામાં આવી છે સરકારી સંકુલોમાં વાહનો પાર્ક કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી અનિવાર્ય છે . સરકારી વાહનો અને ખાનગી વાહનો માટે અલગ વ્યવસ્થા ઉભી કરાશે. અગાઉ ડેવલપર્સ દ્વારા ભોયતળિયે પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી હતી જ્યારે ગુડાના નિયમ મુજબ ક્ષેત્રફળ હતા. જ્યારે હાલની સ્થિતિએ બિલ્ડિંગોમાં માંડ આંગળીના વેઢે ગણી શકાય તેટલી કાર પાર્ક થાય તેટલી જગ્યા ઉપલબ્ધ છે જ્યારે આ સ્થળોએ જરૂરત પ્રમાણે ૫૦થી ૧૦૦ ગાડી પાર્ક થઈ શકે તેવી વ્યવસ્થા અનિવાર્ય છે નવા પાર્કિંગ પ્લેસ તૈયાર કરવાનું અનિવાર્ય બન્યું છે પાર્કિંગ વ્યવસ્થાને નિયમિત અને યોગ્ય કરવા નવતર યોજના મુજબ કામ કરાશે

ગૂંગળામણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનેક ફરીયાદો અને રજુઆત ના અંતે પણ સમસ્યાનો ઉકેલ નહી આવતા નાછુટકે પૈસા ખર્ચીને ગટરની સફાઇ કરાવવામાં આવી હતી પરંતુ કામ કરાવવામાં આવ્યા પછી કોઇ પરિણામ મળ્યું નથી. અસહ્ય દુર્ગંધ ના માહોલ વચ્ચે ઘરે આવેલા મહેમાનો પણ થોડી વારમાં જ ગૂંગળામણ અનુભવે છે . લાંબા સમયની આ ફરિયાદો અને તિવ્ર દુર્ગંધના લીધે રહીશોના આરોગ્ય પર વિપરીત અસર વર્તાઈ રહી છે ઘરના બારી બારણા પણ રહીશો બંધ કરી શકતા નથી.

મેઘતાંડવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં લોકોએ આજે સાવચેતી રાખવાની જરૂર રહેશે. ૨૩મી જુલાઈના રોજ મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે રવિવાર માટે મહારાષ્ટ્રના પાલઘર, થાણે, રાયગઢ, રત્નાગિરી અને સિંધુદુર્ગ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ માટે એલર્ટ જાહેર કર્યું છે.

ટૂર્નામેન્ટ જીતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરાંત સુપર ૩૦૦ (સૈયદ મોદી અને સ્વિસ ઓપન), સુપર ૫૦૦ (થાઈલેન્ડ અને ઈન્ડિયા ઓપન), સુપર ૭૫૦ (ફ્રેન્ચ ઓપન) અને ઈન્ડોનેશિયા ઓપન સુપર ૧૦૦૦માં જીત સામેલ છે.

ભારતીય કેપ્ટન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવે તો તેના પર એક ટેસ્ટ મેચ કે ૨ લિમિયેડ ઓવરની મેચનો પ્રતિબંધ લાગી શકે છે. હરમનપ્રીત કૌરના પણ ૩ ડિમેરિટ પોઈન્ટ્સ છે.

ટીમ ઈન્ડિયાના ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને વર્ષ ૨૦૧૭માં શ્રીલંકા સામે ત્રીજી ટેસ્ટ મેચમાં પ્રતિબંધિત કરી દેવામાં આવ્યો હતો. તેણે સતત કોડ ઓફ કંડક્ટ તોડી દીધા હતા જેના કારણે તેના ૬ ડિમેરિટ પોઈન્ટ્સ થઈ ગયા હતા. આ રીતે જાડેજાએ એક મેચમાં પ્રતિબંધનો સામનો કરવો પડ્યો હતો.